# પુરાતત્વવિદ્

પુરાતત્વવિદ્ પ્રાચીન કલા, સ્થાપત્ય અવશેષો, સ્મારકો અને અન્ય સામગ્રીની શોધ અને અન્વેષણ દ્વારા માનવ ઈતિહાસ, ખાસ કરીને ઐતિહાસિક અને પ્રાગૈતિહાસિક સભ્યતાઓ અને સંસ્કૃતિનો અભ્યાસ કરે છે. પુરાતત્વવિદ્ સામાજિક આદતો, રિવાજો, ધાર્મિક પ્રથાઓ, રહેણીકરણી વગેરેને લગતા જવાબો મેળવવા માટે ફિલ્ડવર્ક, સાઈટ પર ઉત્તખનન કાર્ય હાથ ધરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે ઐતિહાસિક સ્મારકોમાં રૂચિ અને જિજ્ઞાસા ધરાવો છો
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે આગવું સંશોધન કૌશલ્ય ધરાવો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨,૦૦૦ થી ૧,૫૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. હ્યુમેનિટી / માનવતા વિષય ઈચ્છનિય છે.

૨. આર્ટ્સ / સામાન્ય પ્રવાહમાં ઈતિહાસ / પુરાતત્ત્વ વિષય સાથે સ્નાતક (BA)ની ડિગ્રી પૂર્ણ કરો. અથવા

સ્નાતક (BA)ની ડિગ્રી મેળવ્યા બાદ, આર્ટ્સ / સામાન્ય પ્રવાહમાં ઈતિહાસ / પુરાતત્ત્વ વિષય સાથે અનુસ્નાતક (MA)ની ડિગ્રી મેળવો અને પછી Ph.D કરો.

**અથવા**

આર્ટ્સ/સામાન્યપ્રવાહમાં ઈતિહાસ/પુરાતત્વ વિષય સાથે સ્નાતક (BA)ની ડિગ્રી પૂર્ણ કરો અને પછી પુરાતત્ત્વમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પુરાતત્વવિદ્ નું અંદાજીત માસિક વેતન રૂ. ૮,૦૦૦ થી ૮૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Historian/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ખાનગી અને સરકારી કોલેજો/યુનિવર્સિટીઓ, સંગ્રહાલયો, સાંસ્કૃતિક કેન્દ્રો, માહિતી અને પ્રસારણ મંત્રાલય

**કાર્યસ્થળનું વાતાવરણઃ** તમારી પાસેથી ફિલ્ડ વર્ક દરમિયાન બહાર કામ કરવાની અથવા અહેવાલો અથવા રિસર્ચ પેપર તૈયાર કરતી વખતે ઓફિસમાં કામ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. તમે પૂર્ણ સમય અથવા પાર્ટ ટાઈમ, વ્યક્તિગત ફિલ્ડ વર્ક પ્રોજેક્ટ્સ પર અથવા ફ્રીલાન્સર તરીકે કામ કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → પુરાતત્વવિદ્ → શિક્ષક **અથવા** સ્વરોજગાર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર્કિઓલોજીસ્ટ, પ્રિ-હિસ્ટોરીઅન આર્ટઇફેક્ટ રિસર્ચર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઈતિહાસ/પુરાતત્ત્વ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

### સરકારી સંસ્થાઓ

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૨. શ્યામા પ્રસાદ મુખર્જી ગવર્મેન્ટ ડિગ્રી કોલેજ, અલ્હાબાદ
૩. ડી.વી.એ. ડિગ્રી કોલેજ, વારાણસી
૪. ઈન્દિરા ગાંધી નેશનલ ટ્રાઈબલ યુનિવર્સિટી, અમરકંટક
૫. ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પડધરી, રાજકોટ
૬. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા
૭. લખનૌ યુનિવર્સિટી, લખનૌ
૮. એમ.કે.બી.યુ., ભાવનગર

### ખાનગી સંસ્થાઓ

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એસ.પી.ટી.એમ. કૉલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, સુરત
૨. પુરાતત્વ સંસ્થાન, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એ.એસ.આઈ.), નવી દિલ્હી
૩. શ્રી અર્જુન આર્ટ્સ એન્ડ બી.એસ.ડબ્લ્યુ. કૉલેજ, ગીર
૪. ડેક્કન કોલેજ પોસ્ટગ્રેજ્યુએટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, પુણે
૫. જનાર્દનરાય નગર રાજસ્થાન વિદ્યાપીઠ યુનિવર્સિટી, ઉદયપુર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

### ઓનલાઈન અભ્યાસક્રમો

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**નયનજોત લાહિરી** પ્રાચીન ભારતના ઈતિહાસકાર અને પુરાતત્વવિદ્ છે તથા અશોકા યુનિવર્સિટીમાં ઈતિહાસના પ્રોફેસર છે. તેણીએ સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હી તેમજ દિલ્હી યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગમાં શિક્ષણ મેળવ્યું હતું. તેમણે વર્ષ ૨૦૧૫ સુધી હિંદુ કોલેજમાં અને ત્યારબાદ ઈતિહાસ વિભાગ (દિલ્હી યુનિવર્સિટી)માં શિક્ષણ કાર્ય સાથે સંકળાયેલા રહ્યા. તેણીએ વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૦ સુધી દિલ્હી યુનિવર્સિટીમાં કોલેજના ડીન તરીકે અને વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૭ સુધી આંતરરાષ્ટ્રીય સંબંધોના ડીન તરીકે સેવા આપી છે. તે અગાઉ તેઓ દિલ્હી યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના ફેકલ્ટી હતા. તેઓ પુરાતત્ત્વના ક્ષેત્રમાં, માનવતામાં તેમની કામગીરી માટે વર્ષ ૨૦૧૩ના ઈન્ફોસીસ પુરસ્કાર વિજેતા છે. તેમના પુસ્તક અશોકા ઈન એન્શિયન્ટ ઈન્ડિયા માટે તેઓ વર્ષ ૨૦૧૬ના જહોન એફ. રિચાર્ડ્સ પુરસ્કાર વિજેતા પણ છે.*

સ્રોત:https://www.ashoka.edu.in/profile/nayanjot-lahiri/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.